૨૩. બિંદી
૨૪. હાથે કાંતેલા સુતરના ઉત્પાદનમાં વપરતા બીજા સાધનો અને છૂટા ભાગો
૨૫. દેશી નળીયા
૨૬. હાથશાળ અને તેના ભાગો અને તેને જોડવાના સધનો
૨૭. હાથશાળનું કાપડ(ફેબ્રીક), ચાદરો, રૂમાલ, ધાબળા વગેરે ઉત્પાદનો, હાથશાળ પર વણાયેલા પટોળા સાડીઓ, દુપટા તથા બીજી વસ્તુઓ, રેશમી કિનખાબનું કાપડ (રેશમી સુતર અને જરીના આંતર વણાંટનું હાથશાળનું કાપડ)
૨૮. ખાદીના કપડાં અને તેની બનાવટ/વસ્તુઓ
૨૯. રાખડી
૩૦. કાથી, શણ, કેળના રેશા. ભીંડીની બનાવટો
૩૧. લાકડામાંથી બનાવેલ ચીજવસ્તુઓ જેવી કે રમકડાં, ધોકા, વેલણ, બાજટ, પાટલા વગેરે
૩૨. નગારા, ઢોલક, તબલા, કોંગા અથવા બોંગાના લાકડાની ફ્રેમો
૩૩. વાંસ અને નેતરમાંથી બનાવેલ ચીજવસ્તુઓ (ટોપલા, સુપડા, સાવરણા, સાદડી, સાવરણી વિગેરે સાથે)
૩૪. તમામ પ્રકારના મોતીનું ઉત્પદાન તથા મોતીકામ(ગ્લાસબીડ, વુડનબીડ વિગેરે)
૩૫. મીણમાંથી બનાવેલ મીણબત્તી
૩૬. કાથી હસ્તકલાની બનાવટો
૩૭. હાથબનાવટના પેપર
૩૮. કાચા ઉનનું કાંતણ કામ
૩૯. હાથથી બનાવેલ સીમેન્ટની વસ્તુઓ
૪૦. હાથબનાવટની બાંધણી(ટાઈ એન્ડ ડાઈ)
૪૧. પેચવર્ક
૪૨. પતંગ
૪૩. વુલ નીટીંગ
૪૪. શંખ છીપલાના આર્ટીકલ
૪૫. સોનીકામ (હાથ ઘડતર)
૪૬. ઈમીટેશન જવેલરી(હાથ બનવટ)
૪૭. કાંતણ કામ(અંબર ચરખા)
૪૮. ફલાય એશની ઈંટો(હાથ બનવટ)
૪૯. બ્લોક પ્રિન્ટીંગ
૫૦. હેન્ડ બ્લોક બનાવવાં
૫૧. સંખેડા/લુડીયા/નીરોણા પ્રકારનું લેકર વર્ક તથા કાર્વીંગવાળુ ફર્નીચર, વુડ કાર્વીંગ, લેકર વર્ક
૫૨. દાંડીયા(ઝરી, સંદેડા, બાંધણી બ્લોક પ્રિન્ટના )
૫૩. પપેટ,સ્ટફ/સોફ્ટ ટોયઝ, બર્ડ હેન્ગીગ્સ વિગેરે
૫૪. પથ્થર પરનું કોતરકામ

## VCE દ્વારા કરવાની થતી કામગીરી

૧. વી.સી.ઈ. દ્વારા ગામનો સર્વે કરી ૫૪ ક્રાફટને લગતી કામગીરી કરતાં કારીગરોની યાદી તૈયાર કરવાની રહેશે.
૨. તૈયાર થયેલ યાદી મુજબ અરજદારના ફોર્મ ભરી તેની સાથેના આનુસાંગિક કાગળોની નકલો મેળવી ફોર્મ પર અરજદારનો Passport સાઈઝનો ફોટો લગાવી અરજી તૈયાર કરવાની રહેશે. અરજદારના ફોટા સાથે તેના દ્વારા કરવામાં આવતી (૫૪ ક્રાફટ પૈકીની) ક્રાફટનો ફોટો લેવાનો રહેશે અને તેને સ્કેન કરી અપલોડ કરવાનો રહેશે.
૩. ભરાયેલા ફોર્મ મુજબ અત્રેની કચેરી દ્વારા તૈયાર કરવામાં આવેલ ઓન લાઈન એપ્લીકેશનમાં ડેટા એન્ટ્રી કરવાની રહેશે.
૪. મેળવેલ ડોકયુમેન્ટ Photo ID અને રહેઠાણના પુરાવાની નકલ (અરજીમાં બતાવ્યા મુજબ) સ્કેન કરી અપલોડ કરવાની રહેશે.
૫. અરજી સબમીટ કર્યાબાદ તેની પહોંચ પ્રિન્ટ કરી અરજદારને આપવાની રહેશે.
૬. ભલામણ(ડેટા એન્ટ્રી) કરેલ અરજી માટે અત્રેની કચેરી દ્વારા નિયુકત કરવામાં આવેલ એજન્સી મારફતે કાર્ડ તૈયાર કરી સંબંધિત જીલ્લા ઉદ્યોગ કેન્દ્રને પહોંચાડવામાં આવશે. જે DLE/TLE/VCE મારફતે સંબંધિત કારીગરને પહોંચતા કરવાના રહેશે.
૭. વી.સી.ઈ. દ્વારા અરજદારને કાર્ડ સુપ્રત કર્યા બાદ કોમ્પ્યુટરમાં તેની એન્ટ્રી કરવાની રહેશે તથા પહોંચને સ્કેન કરી અપલોડ કરવાની રહેશે.
૮. કાર્ડ મળ્યાની પહોંચ અપલોડ કર્યા બાદ અત્રેની કચેરી દ્વારા વી.સી.ઈ.ને મહેનતાણા રૂપે ફોર્મ દીઠ રૂા. ૩૫/- ચુકવવામાં આવશે.
૯. આઈ કાર્ડની કામગીરી પુરી થયે, અરજીપત્રકો જનરલ મેનેજરશ્રી જીલ્લા ઉદ્યોગ કેન્દ્રને પહોચાડવાના રહેશે.

# જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીનાં વી.સી.ઈ.(VCE)મારફતે અમલીકરણ

सत्यमेव जयते
Government of gujarat




# ''પહેચાન''

# કારીગર ઓળખકાર્ડ



iNDEXT-c

**કાર્યવાહક નિયામક**
બ્લોક નં. ૭/૧,ઉદ્યોગ ભવન, ગાંધીનગર
Email :exdire-indext-c@gujarat.gov.in
Website :www.craftofgujarat.gujarat.gov.in

सत्यमेव जयते

**કમિશનર અને અગ્રસચિવ**
કુટીર અને ગ્રામોદ્યોગ
ગુજરાત રાજય ગાંધીનગર

## “કારીગર ઓળખકાર્ડ”

કુટિરઉદ્યોગ એ કૃષિક્ષેત્ર પછી રોજગારી આપતો ઉદ્યોગ છે, આમ છતાં આવા કારીગરને નોંધણીના અભાવે સરકારની વિવિધ યોજનાઓના લાભ આપી શકાતો નથી. જેથી કુટિર ઉદ્યોગક્ષેત્રે હસ્તકલા અને હાથશાળના કારીગરો કે જેઓ રાજય સરકારે નકકી કરેલા ૫૪ પ્રકારના ક્રાફટસની કામગીરી કરતા હોઈ તેવા કારીગરોની ઓન લાઈન નોંધણી કમીશનરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગ હેઠળ કામ કરતી સંસ્થા ઈન્ડેક્ષ્ટ-સી (ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ)ને સોંપવામાં આવેલ છે.

## ઓળખકાર્ડ બનાવવા માટે કારીગર દ્વારા કરવાની થતી કાર્યવાહી

નકકી કરેલ ૫૪ ટ્રેડ પૈકીની ક્રાફટની કામગીરી કરતાં કારીગર ભાઈ/બહેનો કે જેમની ઉંમર ૧૮ વર્ષ થી વધુ હોય તેમણે કારીગર ઓળખકાર્ડ માટેનું ફોર્મ ભરવાનું રહેશે. આ ફોર્મ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તેમજ ગ્રામ પંચાયત ખાતેના VCE પાસેથી વિના મૂલ્યે મળી રહેશે. અત્રેની કચેરીની વેબસાઈટ "craftofgujarat.gujarat.gov.in" માંથી પણ ડાઉનલોડ કરી શકાશે. આ ફોર્મમાં માગેલ વિગતો ભરી નીચે જણાવ્યા પ્રમાણેના ડોકયુમેન્ટ સાથે જે તે DIC/VCEને પહોંચતુ કરવાનું રહેશે.

૧. અરજદારનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ
૨. આધર કાર્ડ અથવા ચુંટણી ઓળખ કાર્ડની નકલ
૩. રેશનકાર્ડ / લાઈટ બીલની નકલ

અ) ગ્રામ્ય વિસ્તારના કરીગરોએ ગ્રામ્યકક્ષાએ, ગ્રામ પંચાયત ખાતેના ઈ-ગ્રામના વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર-(VCE), ને પહોંચતુ કરવાનું રહેશે.
બ) શહેરી અને અર્ધશહેરી વિસ્તારના કારીગરોએ જે તે જીલ્લાના જીલ્લા ઉદ્યોગ કેન્દ્રને પહોંચતું કરવાનું રહેશે.

## Online Data Entry

ગુજરાત ઈન્ફોર્મેટીકસ લી. (GIL) કે જે ગુજરાત સરકાર હસ્તકની સંસ્થા છે. તેની પાસે કારીગર ઓળખકાર્ડ માટેનું સોફટવેર તૈયાર કરવામાં આવેલ છે, જેમાં DIC / VCE દ્વારા Online Data Entry કરવામાં આવે છે અને ઈન્ડેક્ષ્ટ-સી મારફતે Data Entry ની વિગતોની ચકાસણી કરી કારીગર આઈ. કાર્ડ તૈયાર કરી કારીગરોને DIC/ VCE મારફતે પહોંચતા કરવામાં આવે છે.



## કારીગર ઓળખકાર્ડના લાભ / ફાયદા

- સરળ લોન, વીમો અને ક્રેડીટ ગેરંટી.
- કેન્દ્ર સરકાર / રાજય સરકારની યોજનાઓનો લાભ મેળવવાનું સરળ.
- ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા રાજય કક્ષાએ /રાષ્ટ્રીય કક્ષાએ યોજાતા મેળામાં ભાગ લઈ સીધા વેચાણની તક.
- ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા વિવિધ નામાંકિત સંસ્થઓ જેવીકે NID, NIFT તથા CEPT મારફતે યોજાતા સ્કીલ અપગ્રેડેશનના સેમિનાર / વર્કશોપમાં ભાગ લઈ કાર્યકુશળતામાં વધારો કરવાનો લાભ.
- રાજય સરકાર દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કારીગરોને આપવાના એવોર્ડમાં ભાગ લઈ શકે.
- ઈન્ડેસ્ટ-સીની વેબસાઈટ ‘‘craftofgujarat.gujarat.gov.in’’ માં કારીગર તેમજ તેમના દ્વારા તૈયાર કરવામાં આવતી ચીજ - વસ્તુ (Product) ના રજીસ્ટ્રેશન દ્વારા વૈશ્વિક માર્કેટનો સીધો લાભ.

## કુટિર ઉદ્યોગ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ ૫૪ ક્રાફટની યાદી

૧. ઉની ગાલીચા
૨. હાથ રંગાટ અને પરંપરાગત રંગાટ, કાપડ પર કલમકારી સાથે
૩. એમ્બ્રોઈડરી કામ, ભરત કામ, (સુતરાઉ, રેશમી અને ઉન), જરી અને જરદોશી કામ
૪. મેટલ વેર- ચાદી, બ્રાસ, કાંસાની વસ્તુઓનું ઢાળ કામ તથા એનગ્રેવીંગ તથા નકશીકામ (ઢાળ કામ વીજળી વપરાશ વગર)
૫. વ્હાઈટ મેટલ ઓકસીડાઈઝીંગની વસ્તુઓ
૬. જવેલરી (વ્હાઈટ મેટલ/ બ્રાસ/સિલ્વર)
૭. બંગડી અને મણકાની વ્સ્તુઓ(એસ.એસ.આઈ માં તબદિલન થઈ હોય તે)
૮. છીપલામાંથી બનાવેલ વસ્તુઓ
૯. લાકડામાં કોતરણી કામ અને જડતર કામ, સંખેડા કામ
૧૦. ટેરાકોટાની વિવિધ ગૃહ વપરાશની અને સુશોભનની કલાકૃતીઓ
૧૧. સિરામીક ટોયઝ
૧૨. પથ્થરમાં કોતરણી કામ અને જડતર કામ (આરસ વિગેરે સહિત) (વિજળી વપરાશ વગર)
૧૩. નેતર અને વાંસકામ (સાદડી વગેરે સહિત)
૧૪. શણ અને અન્ય રેષામાંથી બનાવેલ વિવિધ વસ્તુઓ
૧૫. વિવિધ કાચામાલના વપરાશથી (જેવા કે રૂ, પ્લાસ્ટીક, એક્રેલીક, માનવસર્જીત બનાવેલ રમકડાં)(વિજળી વપરાશ વગર)
૧૬. પેપરમેશી પેપરમાંથી બનાવેલ વિવિધ ઉત્પાદનો
૧૭. હાથીદાંત, હાડકાં, શિંગડામાંથી વિવિધ વસ્તુઓનું ઉત્પાદન
૧૮. હાથ બનાવટના બુટ-ચંપલ
૧૯. પરંપરાગત સંગીત સાધનો
૨૦. અગરબત્તી, પડી, ધૂપ અથવા ધૂપબત્તી અથવા લોબાન તરીકે સામાન્ય રીતે ઓળખાતી આગરબત્તી
૨૧. અકીકના પથ્થરો અને તેમાંથી બનાવેલ ચીજવસ્તુઓ
૨૨. કાચ/પ્લાસ્ટીકમાંથી બનાવેલ બંગડીયો